# શહેરીકરણ અને પર્યાવરણીય પરિવર્તનની આરોગ્ય પર અસર

**Nidhi Amulbhai Rathod**

**Ph.D Research Scholar**

**Email:- rathodnidhi371@gmail.com**

**Abstract:**

સારું આરોગ્ય એ ફક્ત ધાર્મિક બાબત નથી; પરંતુ, જીવનનું સૌથી મહત્વનુ પાસું છે. આપણા જીવન માટે અત્યંત જરૂરી છે, માટે જ કહેવામા આવ્યું છે કે, "પહેલું સુખ તે જાતે નર્યા" ઉક્તિનો આપણે સૌ વારંવાર ઉપયોગ કરીએ છીએ તે યથાર્થ પણ છે. સમાજની પ્રત્યેક વ્યક્તિ તંદુરસ્ત રહેવાનો પ્રયાસ કરે છે. તેથી જ આરોગ્ય જ્ઞાનની સૌને સમજ હોવી આવશ્યક છે. આરોગ્ય એટલે શું? આરોગ્ય જાળવણી માટે શું કરવું જોઇયે? મનુષ્ય ગમે તેટલું ધન પ્રાપ્ત કરે, સિદ્ધિના શિખરો સર કરે; પરંતુ, જો તેનું સ્વાસ્થ્ય સારું ન હોય તો બધુ જ નકામું છે. આંતરરાષ્ટ્રીય તંત્રો 1964માં વિશ્વ આરોગ્ય સંસ્થા WHOની રચના થઈ હતી, ત્યારે તેની બંધારણીય આરોગ્ય વિશે એવું નોંધ્યું છે કે, આરોગ્ય એ માત્ર માંદગીઓથી મુક્તિ નહીં ; પરંતુ, દરેક માનવીની સંપૂર્ણ સ્પટીક માનસિક અને સામાજિક સુખાકારી છે. WHOના બંધારણ પ્રમાણે ધર્મ, જાતિ, રંગભેદ, રાજકીય વિચારધારા, આર્થિક કે સામાજિક ભેદભાવ રાખ્યા વગર દરેક માનવીને આરોગ્યની સુવિધાઓ મળવી જોઇએ. **આ સંશોધન પત્રમાં શહેરીકરણ અને પર્યાવરણીય પરિવર્તનથી સ્વાસ્થ્ય પર થતી અસરોનો અભ્યાસ, સમસ્યાઓનું નિવારણ અને વિશ્લેષણ કરવામાં આવેલ છે.**

**"સારું સ્વાસ્થ્ય સદા નીરોગી**
**આયુષ્યવર્તી મનુષ્ય સદા સુખી**

## Introduction:

શહેરીકરણ જેને ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં લોકોના સ્થળાંતર તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. શહેરીકરણ વૈશ્વિકરણનું એક નિર્ણાયક લક્ષણ બની ગયું છે, જેના કારણે જીવનશૈલી, રોગના દાખલાઓ અને પર્યાવરણીય પરિસ્થિતિઓમાં પરિવર્તન આવી રહ્યું છે. શહેરો સારી આરોગ્યસંભાળ અને તકો પ્રદાન કરી શકે છે, પરંતુ તેઓ સંવેદનશીલ વસ્તીને ચેપી અને ક્રોનીક રોગો સહિતના વધુ જોખમોમાં પણ મૂકે છે. શહેરી વાતાવરણમાં ચેપી અને પરોપજીવી રોગોના ઉદ્ભવ તેમજ નવા પ્રકારના આરોગ્ય અને સામાજિક સંભાળમાં રોકાણની જરૂરિયાતને સ્વીકારવી મહત્વપૂર્ણ છે. શહેરીકરણ ભીળભાડ અને ધ્વનિ પ્રદૂષણ જેવા પરિબળોને કારણે તણાવ, હતાશા અને ચિંતામાં વધારો કરી શકે છે.

શહેરીકરણ સામાન્ય રીતે રહેઠાણના નુકસાન, પ્રદૂષણ, સંસાધનોના ઘટાડા અને ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જન તરફ દોરી જાય છે. તે આબોહવા પરિવર્તન, પ્રતિકૂળ આરોગ્ય પરિસ્થિતિઓ અને સમગ્ર વિશ્વમાં ઇકોસિસ્ટમના અવક્ષયમાં વધારો કરે છે. શહેરો CO2 ઉત્સર્જનના પ્રાથમિક હોટસ્પોટ છે, જે ગ્લોબલ વોર્મિંગ અને સમાજમાં અન્ય ઘણા પડકારો જેમ કે શ્વસન રોગો

બન્નેના ફાળો આપી રહ્યા છે. શહેરીકરણ અને પર્યાવરણીય પરિવર્તન એ વર્તમાન સમાજને અસર કરતી સૌથી પ્રભાવશાળી પ્રક્રિયાઓમાંની એક માનવમાં આવે છે. તેને ગ્રીનહાઉસ વાયુઓ અથવા જેને સામાન્ય રીતે કાર્બન ડાયોક્સાઇટ તરીકે ઓળખવામાં આવે છે. શહેરી સુખ સુવિધાઓ કેવળ ઉચ્ચ વર્ગના લોકો માટે જ છે, જે બીજાના ભોગે તેઓ એને ભોગવે છે. પરંતુ આ વિસ્તારમાં વસતા બધા લોકોને ઘોંઘાટ, પ્રદૂષણ અને ભૌતિક દબાણને વેઠવું પડે છે. હવા, જમીન અને પાણીના ભૌતિક, રસાયણિક અથવા જૈવિક ગુણોમાં કોઈ અનિછનીય ફેરફાર થશે તો હંમેશા તેના નુક્સાનકારક પરિણામો આવે છે. ગરીબ માનવી આ માઠા પરિવર્તનોનો ભોગ બને છે, પરંતુ તેનાં વળતર કે ક્ષતિપૂર્તિના રૂપમાં એને શહેરી સુખ- સુવિધાઓ અથવા સેવાઓનો લાભ નથી મળતો. સાંપ્રત પરિસ્થિતિમાં શહેરી વસ્તીના સ્વાસ્થ્યને આકાર આપતી જટિલ કારણભૂત પ્રક્રિયાઓ અને સ્થાનિક, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે આરોગ્યમાં અસમાનતાઓની મર્યાદિત સમજ છે. ખોરાક, પોષક, પાણી, લેંડસ્કેપ, કચરો વ્યવસ્થાપન, પરિવહન માળખાકીય સુવિધાઓ, રહેઠાણ, ઉર્જા, સલામતી અને સુરક્ષા, આરોગ્ય સંભાળની પહોચ અને શહેરીકરણ પ્રક્રિયા પોતે શહેરી આરોગ્ય સાથે પરસ્પર આધારિત રીતે જોડાયેલા છે. આ સંશોધન પત્ર શહેરીકરણ અને પર્યાવરણીય પરિવર્તનનો આરોગ્ય પરનો જટિલ સંબંધ નું વિશ્લેષન કરે છે, અને વ્યાપક શહેરીકરણની પરિસ્થિતિઓ હેઠળ નવા સ્વાસ્થ્ય પડકારોનું અન્વેષણ કરે છે.

## Review Of Literature

- ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી MSW-402
- ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી BCHEN-107
- BAOU Education DHSI-102
- GCERTs 12th
- ભારતીય અર્થતંત્ર યુવા ઉપનિષદ 2024 ( અજય પટેલ)

## Objectives

- શહેરી વિસ્તારમાં માનવીની જીવનશૈલીનો અભ્યાસ કરવો.
- પર્યાવરણીય પરિવર્તનોનો અભ્યાસ કરવો.
- શહેરીકરણના કારણે માનવ આરોગ્ય પર પડતાં પ્રભાવોની અભ્યાસ કરવો.
- શહેરી વિસ્તારોમાં વધતાં રોગચાળાના કારણો શોધવા.
- આરોગ્ય પરના નકારાત્મક પ્રભાવ ઘટાડવા સૂચનો પ્રસ્તુત કરવું.

## Hypothesis

1. Climate change અને આરોગ્ય સમસ્યાઓ વચ્ચે કોઈ સંબંધ નથી. H0

   Climate change અને આરોગ્ય સમસ્યાઓ વચ્ચે સંબંધ છે. H1

2. શહેરીકરણથી આરોગ્ય પર નકારાત્મક અસર નથી પડતી. H0

   શહેરીકરણથી આરોગ્ય પર નકારાત્મક અસર પડે છે. H1

3. ઓધ્યોગિકરણ અને પ્રદૂષણજન્ય રોગો વચ્ચે કોઈ સંબંધ નથી. H0

   ઓધ્યોગિકરણ પ્રદૂષણજન્ય રોગો વધારે છે. H1

4. સ્વછતા અને આરોગ્ય વચ્ચે કોઈ સંબંધ નથી. H0

   સારી સ્વછતા આરોગ્ય સુધારે છે. H1

5. આ સમસ્યાઓ અંગે સરકાર યોગ્ય પગલાં ભરતી નથી H0

   આ સમસ્યાઓ અંગે સરકાર પગલાં ભરે છે. H1

## Methodology

આ સંશોધન પત્રમાં ગૌણ માહિતી નો ઉપયોગ કરી માહિતીનું પ્રસ્તુતીકરણ કરવામાં આવેલ છે. ગૌણ માહિતીના સ્રોતો તરીકે અહી પુસ્તકો, સરકારી વેબસાઇટ્સ, વિવિધ સંશોધન પત્રોનું વિશ્લેષણ કરી આ સંશોધન પત્ર રજૂ કરવામાં આવેલ છે

## Results

અમેરિકન સાયકોલોજિક એસોસિએશન અને ઈકોઅમેરિકા દ્વારા પ્રકાશિત થયેલા રિપોર્ટ અનુસાર આબોહવા પરિવર્તનની માનસિક સ્વાસ્થ્ય પર નોંધપાત્ર અસર થાય છે. જેમ ગુસ્સોઆઘાત અને તીવ્ર નકારાત્મક લાગણીઓનો વગેરે હોય છે, અને તે ફક્ત પોસ્ટ ટ્રોમેટીક સ્ટ્રેસ ડીસઓર્ડર દ્વારા બદલી શકાય છે. કુદરતી આપત્તિઓના ઉદાહરણો 2005 માં આવેલા હરિકેન કેટરીના દ્વારા તેનાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં વસતા લોકોના નમૂના લેતા ખ્યાલ આવેલો કે તેમના આત્મહત્યા અને આત્મઘાતી વિચારધારામાં બમણો વધારો થયો છે. 49% લોકોમાં ચિંતા ઉભી કરી અને ડિપ્રેસનમાં જોવા મળ્યા હતા.આ પ્રકારની આપત્તિઓ ખાસ કરીને ઓછી આવક ધરાવતા ખેડૂતો, નાના કામદારો, ગૃહઉદ્યોગોને સૌથી વધુ આર્થિક નુકસાન ભોગવવું પડે છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોમાં વારંવાર અનુભવાતી પૂર અને દુષ્કાળની પરિસ્થિતિથી ઘણા બધા ખેડૂતો આર્થિક નુકસાન થતાં આપઘાત કરે છે.

| Emiss. Scen. | Clim. Senc. | Global Warming (C) | | | | Sea level Rise (cm) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 2010 | 2030 | 2050 | 2100 | 2010 | 2030 | 2050 | 2100 |
| | Low | 0.34 | o.63 | 0.96 | 1.72 | 1.68 | 4.68 | 8.87 | 22.79 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| IS92a | Med | 0.47 | 0.90 | 1.38 | 2.52 | 4.85 | 12.63 | 23.30 | 55.20 |
| | High | 0.65 | 1.25 | 1.94 | 3.63 | 10.17 | 25.90 | 44.41 | 95.93 |
| KYOTOA1 | Low | 0.32 | 0.58 | 0.87 | 1.53 | 1.60 | 4.28 | 8.01 | 20.22 |
| | Med | 0.45 | 0.83 | 1.25 | 2.25 | 4.71 | 11.91 | 21.63 | 50.28 |
| | High | 0.61 | 1.15 | 1.77 | 3.26 | 9.93 | 24.70 | 42.2 | 89.67 |

Source: First communication by cuba to UNFCCC

## Conclusion

પર્યાવરણના બધા તત્વો સંતુલિત હોય તો જ સમગ્ર પૃથ્વી સંતુલિત રહી શકે અને સમગ્ર જીવસૃષ્ટી સારી રીતે પોતાનું જીવન વ્યતીત કરી શકે. માનવીએ જેટલું પર્યાવરણ બદલવાનો પ્રયત્ન કર્યો છે, તેટલીજ સામે નકારાત્મક અસરોનો સામનો પણ કરવો પડી રહ્યો છે. જંગલોનો આડેધળ વિનાશ કરી ધરતીની હરિયાળી કુદરતી સંપતિ હણી નાખી છે. વિશ્વમાં માનવ સ્વાસ્થ્યની દૂરદશાનું પ્રમુખ કારણ છે કે આપણે વધતી વસ્તીની વિભિન્ન આવશ્યકતાઓની પૂર્તિ હેતુ વનોનો વિનાશ કરી રહ્યા છીએ. દરરોજ આપણે પ્રાણવાયુ અને પવિત્ર જળને દુષિત કરી રહ્યા છીએ. આપણા દેશની સ્વાસ્થય સબંધી સમસ્યાનું પ્રમુખ કારણ ગરીબી અને લોકોમાં પર્યાવરણની જાગૃતિનો અભાવ, વસ્તી વિસ્ફોટ, વ્યક્તિગત આર્થિક લાલચ તથા વનોનો સાફ કરવા વગેરે છે. વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે આને લગતા કાર્યો થવા લાગ્યા છે, જે તેના પુરાવા છે. આપણા દેશના વડાપ્રધાન દ્વારા સ્વિટજરલેન્ડના ડાઓસમાં યોજાયેલ "વર્લ્ડ ઇકોનોમિક ફોર્મસ એન્યુયલ મિટીંગ 2018" માં પોતાના ભાષણમાં ત્રણ મુખ્ય મુદ્દાઓમાં પહેલો મુદ્દો આબોહવા પરિવર્તનનો હતો. તેમના માટે જો આજ ગતિથી આબોહવા પરિવર્તન ચાલુ રહેશે તો આર્કટિક જેવા વિસ્તારોનો બરફ પીગળશે અને ઘણા ટાપુઓ ડૂબવા લાગશે. જો ભવિષ્યમાં આજ પ્રકારના પર્યાવરણીય બદલાવો ચાલુ રહેશે તો આ ધરતી પર માનવને જીવવું મુશ્કેલ બની રહેશે. તેથી આપણે અત્યારથી જાગૃત બની અને સૂતેલાઓને જગાડી પર્યાવરણના સુધારા માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો અને પ્રવૃતિઓ કરવી પડશે

## References


- ચુડાસમા જીતુ (2026), ISSN : 2349-6002 www.ijirt.org
- Dr. fernandes (2024), A global journal of humanities ISSN: 2581-5857
- Chaudhari.P (2018), International journal of research in all subjects in multi language, Vol 6 , ISSN : 2321- 2853
- Dr. ohja ( 2021) International journal of advanced research in commerce management & social science (IJARCMSS) ISSN: 2581-7930
- Roberto rodriguez , United nations Environment programme UNEP,ISBN : 978-85-99875-02-5
- Edeigba Blessing (2024) , World journal of advanced research & reviews ISSN: 2581-9615 https://wjarr.com/
- International council for science (ICSU) 2011, ISBN: 978-0-930357-86-3 www.icsu.org

- Ozego Anthony (2023), International journal of novel research & development ISSN : 2456-4184 IJNRD.org
- Dr. singh.P (2025), An international quarterly journal of life sciences www.thebioscan.com
- Kamanzi.G (2024) Eurasian experiment journal of biological sciences(EEJBS), Vol. 5 , ISSN: 2992-4138 https://www.eejournals.org
- Research gate
- Nwaneri Kelechi (2025), Global scientific journals, Vol. 13 , ISSN: 2320-9186 www.globalscientificjournal.com
- World Health Organization (19 march 2025)
- Dr. Parmar.B (2019), Research review International journal of multidisciplinary, Vol. 04 , ISSN: 2455-3085 www.rrjournals.com